ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૨૪/૨૦૨૬ તા. ૦૫/૦૬/૨૦૨૬

**વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓનાં ફ્રીશીપ કાર્ડ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી ફ્રીશીપ કાર્ડ મેળવવા બાબત.**

**સંદર્ભ:- મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, જીલ્લા સેવા સદન-૩નો પત્ર ક્રમાંક નં.મક/આવિ/રાજ/૨૦૨૬-૨૭/૭૦૬ તા. ૦૩/૦૬/૨૦૨૬**

## પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે વડી કચેરીના પત્ર ક્રમાંક આ.વિ/શિક્ષણ/ફા.નં.૧૪૧૯/૩૦૪ થી ૩૦૫ તા.૦૧/૦૬/૨૦૨૬ મુજબ અનુસુચિત જનજાતિનાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા ફ્રીશીપ કાર્ડ અન્વયે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા યોજના સબંધિત તમામ ઠરાવો અને સૂચનાઓ સંકલિત કરી ફ્રીશીપ કાર્ડ ઓનલાઈન મેળવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી અનુસુચિત જનજાતિ (ST) નાં વિદ્યાર્થીઓને ફ્રીશીપ કાર્ડ Digital Gujarat Portal પર ઓનલાઈન અરજી કરીને મેળવવાના રહેશે.

ઉપરોક્ત સૂચનાની બહોળી પ્રસિધ્ધિ થાય તે હેતુથી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે. કે તેઓ સંસ્થાકીય વેબસાઈટ, નોટીસ બોર્ડ, તથા પ્રવેશ/ઓરિએન્ટેશન કાર્યક્રમો દરમિયાન વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ :- ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**

**ડીરેક્ટર**
**સ્કોલરશીપ સેક્શન,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.
૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.
૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

**નકલ સાદર રવાના:-**

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
: www.bknmu.edu.in

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
registrar@bknmu.edu.in

# મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી

પહેલો માળ, બ્લોક નં ૧, જિલ્લા સેવા સદન ૩,
સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ-૩૬૦૦૦૧
ફોન : (ઓ) ૦૨૮૧-૨૪૭૮૩૭૫
E-mail: vo-tdd-raj@gujarat.gov.in


નં. મક/આવિ/રાજ/૨૦૨૬-૨૭/ ૭૦૬

તા. ૦૩/૦૬/૨૦૨૬

**<u>પરિપત્ર :-</u>**

આથી <u>રાજકોટ, મોરબી, જુનાગઢ, જામનગર, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા</u> જિલ્લાની તમામ કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રી/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજિસ્ટ્રારશ્રીઓને જણાવવાનું કે, વડી કચેરીના પત્ર ક્રમાંક આ.વિ./શિક્ષણ/ફા.નં.૧૪૧૯/૩૦૪ થી ૩૦૫ તા.૦૧/૦૬/૨૦૨૬ મુજબ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવતા ફ્રીશીપ કાર્ડ અન્વયે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા યોજના સંબધિત તમામ ઠરાવો અને સુચનાઓ સંકલિત કરી ફ્રીશીપ કાર્ડ ઓનલાઈન મેળવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. <u>**શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી અનુ.જનજાતિ (ST) ના વિધાર્થીઓને ફ્રીશીપ કાર્ડ Digital Gujarat Portal પર ઓનલાઈન અરજી કરી મેળવવાના રહેશે.**</u> આ અંગેની સૂચના બહોળી પ્રસિધ્ધિ માટે આપની કોલેજ/સંસ્થાના નોટિસ બોર્ડ પર વિગતો મુકવી.

મદદનીશ કમિશ્નર
રાજકોટ

પ્રતિ,

આચાર્યશ્રી/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજિસ્ટ્રારશ્રી..................... ઉક્ત વિષય બાબતે જરૂરી સુચના આપવા સારૂ.

# મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી

પહેલો માળ, બ્લોક નં ૧, જિલ્લા સેવા સદન ૩,સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ

ફોન : (ઓ) ૦૨૮૧-૨૪૭૮૩૭૫ E-mail: vo-tdd-raj@gujarat.gov.in


# Online FREESHIP CARD (S.T. Student)

- સૌપ્રથમ Digital Gujarat Portal(*https://www.digitalgujarat.gov.in*) પર Citizen Level માં Login/Register કરવું.
- Login કર્યા બાદ Services Menuમાં Freeship Service (Faceless) Select કરવું.
- ત્યારબાદ Year 2026-27 Select કરી Request a New service કરવું.
- ત્યારબાદ Freeship card for Tribal Select કરવું.
- ત્યારબાદ વિદ્યાર્થી/વિધાર્થીની ને લગત માહિતી, ડોક્યુમેન્ટ અને પાસપોર્ટ સાઈઝ ફોટો Upload કરવા.
- ત્યારબાદ Verify Mobile Number and Confirm and Final Submit કરવું.